Directorate of Information

# Media Coverage Report

Date : 20-03-2025



સચિવાલય સુધી મેટ્રો ટ્રેનના ટ્રાયલ શરૂ

# દિવ્ય ભાસ્કર

દિવ્ય ભાસ્કર **અમદાવાદ** 20-03-2025

# અમદાવાદ ફ્રંટ પેજ

અમદાવાદ, ગુરુવાર, 20 માર્ચ, 2025 | 2




ગાંધીનગરનાં મહત્વના સ્થળો એક જ તસવીરમાં.

# મેટ્રો હવે વિધાનસભા પહોંચી

## સેક્ટર-1થી સચિવાલય સુધી મેટ્રોની ટ્રાયલ શરૂ, 25 જૂન પહેલાં સચિવાલય સુધી દોડતી થઈ જશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને મેટ્રોને સચિવાલય સુધી દોડાવવા માટે સેક્ટર-1થી આગળ તૈયાર થયેલા રૂટ પર મેટ્રોની ટ્રાયલ શરૂ કરાઈ છે. આ ટ્રાયલ પૂર્ણ થયા બાદ એપ્રિલમાં જીએમઆરસી સેક્ટર-10 એ અને સચિવાલય સ્ટેશન ઉપરાંત મેટ્રો રૂટના ઈન્સ્પેક્શન માટે કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટીને જાણ કરશે. એ પછી રૂટ પર તેમજ સ્ટેશન પર જરૂરી સુધારા વધારા કરી 25 જૂન સુધીમાં સચિવાલય સુધી મેટ્રોનું સંચાલન શરૂ કરવામાં આવશે.

સચિવાલય સુધી મેટ્રો દોડતી થતાં અમદાવાદના વિવિધ વિસ્તારોમાંથી દરરોજ બેથી અઢી હજાર લોકો નોકરી માટે જતા લોકો તેમજ અન્ય સરકારી કામ માટે જતાં લોકોને મેટ્રોની સુવિધા મળી રહેશે. અમદાવાદથી સચિવાલય જવા માટે થલતેજ તેમજ વસ્ત્રાલથી આવનારે ઈન્કમટેક્સ જૂની હાઈકોર્ટ સ્ટેશનથી મેટ્રો ઈન્ટરચેન્જ કરવી પડશે.

જીએમઆરસીના અધિકારીએ જણાવ્યું કે, ફેઝ-2માં મોટેરાથી ગાંધીનગર મહાત્મા મંદિર સુધી મેટ્રોની કામગીરી શરૂ કરાઈ હતી. જેમાં મોટેરાથી સેક્ટર-1 અને ગિફ્ટ સિટી સુધી કામ પૂર્ણ થતાં ત્યાં મેટ્રોનું સંચાલન શરૂ કરી દેવાયું છે. પરંતુ ત્યાંથી સચિવાલય જવા માટે લોકોને ફાયદો મળતો ન હોવાથી કર્મચારીઓએ વહેલી તકે સચિવાલય સુધી મેટ્રો શરૂ કરવાની માગણી કરી હતી. જો કે હવે સેક્ટર-1થી સેક્ટર-10એ સ્ટેશન તેમજ સચિવાલય સ્ટેશનનું તેમજ રૂટ પર ઈલેક્ટ્રીફિકેશન સહિત અન્ય કામગીરી પૂર્ણ થતાં જીએમઆરસી દ્વારા મેટ્રોનું ટ્રાયલ શરૂ કરી દેવામાં આવ્યું છે.

### મહાત્મા મંદિર સુધીના રૂટનું પણ 70% કામ પૂર્ણ

સચિવાલય સુધી મેટ્રો જતાં ત્યાંથી લગભગ એક કિલોમીટર આગળ આવેલા અક્ષરધામ ફરવા જવા માગતા લોકોને પણ મેટ્રોનો ફાયદો મળી રહેશે. સચિવાલય સ્ટેશનથી લગભગ મહાત્મા મંદિર સુધીના રૂટનું પણ જીએમઆરસી દ્વારા ઝડપી કામગીરી કરાઈ રહી છે. હાલ આ રૂટ પર પણ લગભગ 70 ટકા જે કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. ડિસેમ્બરના અંત સુધીમાં કામગીરી પૂર્ણ થાય તેવી શક્યતા છે. જેથી લોકો મેટ્રોમાં અમદાવાદથી સીધા મહાત્મા મંદિર સુધી જઈ શકશે.


### હાલ 21 કિમી રૂટ પર મેટ્રો દોડી રહી છે

**28** કિલોમીટર કુલ અંતર

**22** સ્ટેશનની સંખ્યા

હાલ મોટેરાથી સેક્ટર-1 અને GNLUથી ગિફ્ટ સિટી સુધી 21 કિમી રૂટ મેટ્રો દોડી રહી છે

- હાલ સેક્ટર-1 સુધી કુલ 15માંથી 8 સ્ટેશન શરૂ કરાયા, જ્યારે 7 સ્ટેશન બંધ
- જૂન સુધી બીજા બે સ્ટેશન સેક્ટર-10એ અને સચિવાલય શરૂ થશે
- સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના 5 સ્ટેશન અને બાકીના 7 સ્ટેશન ડિસેમ્બર સુધી શરૂ કરાશે
- થલતેજ તેમજ વસ્ત્રાલ તરફથી આવતા પેસેન્જરોને સચિવાલય જવા જૂની હાઈકોર્ટ સ્ટેશને ઈન્ટરચેન્જ કરવી પડશે.
- હાલ APMCથી સેક્ટર-1 વચ્ચે સવારે 8થી સાંજે 7 વાગ્યા સુધી 30થી 40 મિનિટના અંતરે મેટ્રો દોડી રહી છે



ન્યૂઝ અને મીડિયા રિલેશન શાખા, માહિતી નિયામકની કચેરી, ગાંધીનગર

દિવ્ય ભાસ્કર

### સચિવાલયના કર્મચારીઓને આગામી ત્રણેક માસ પછી મેટ્રો રેલ સેવાનો લાભ મળશે

# સેક્ટર-1થી નવા સચિવાલય સુધી મેટ્રો રેલનો ટ્રાયલ રન યોજાયો : મેટ્રો શરૂ કરાશે


ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

નગરવાસીઓને મેટ્રો રેલ સેવાનો લાભ સેક્ટર-1 સુધી મળી ગયો છે. પરંતુ આગામી ત્રણેક માસ પછી મેટ્રો રેલ સેવાનો લાભ સચિવાલયના કર્મચારીઓને મળી રહેશે. કેમ કે મેટ્રો રેલ સેવા દ્વારા સેક્ટર-1 રેલ્વે સ્ટેશનથી સચિવાલય સુધી ટ્રાયલ રન કરવામાં આવ્યું હતું. ટ્રાયલ રન બાદ સેફ્ટીના તમામ પાસાઓની ચકાસણી કરીને મેટ્રો રેલનો રૂટ શરૂ કરાશે.

રાજ્યના પાટનગરમાં ટ્રાન્સપોર્ટેશન સેવાનો વધુ એક લાભ નગરવાસીઓને મેટ્રો રેલ સેવાથી મળ્યો છે. જોકે મેટ્રો રેલ સેવાનો લાભ હજુ મહાત્મા મંદિર સુધી પહોંચતા સમય માંગી લેશે. કેમ કે મેટ્રો રેલ સેવાને મહાત્મા મંદિર સુધી લઇ જવા માટે હાલમાં મેટ્રો રેલના બાકીના રૂટની કામગીરી તડામાર ચાલી રહી છે. તેની વચ્ચે સેક્ટર-1થી સચિવાલય સુધીના રૂટનો ટ્રાયલ રન બુધવારે મેટ્રો રેલ સેવા દ્વારા યોજવામાં આવ્યો હતો. જોકે સેક્ટર-1 અને ગીફ્ટ સીટી સુધી મેટ્રો રેલ સેવા શરૂ કર્યા બાદ સૌ પ્રથમ સચિવાલય સુધીની કામગીરીને અગ્રતાક્રમ આપવામાં આવ્યું હતું. તેના ફલ સ્વરૂપે મેટ્રો રેલ વિભાગ દ્વારા મંગળવારે સેક્ટર-1થી સચિવાલય સુધી મેટ્રો રેલનો ટ્રાયલ રન યોજવામાં આવ્યો હતો. જોકે સેક્ટર-1થી સચિવાલય સુધીના 2.25 કિ.મી.ના અંતર સુધીમાં મેટ્રો રેલના બે સ્ટેશન આવેલા છે. તેમાં સેક્ટર-10-એ અને સચિવાલય એમ બે સ્ટેશનથી સેક્ટર-10માં આવેલી સરકારી કચેરીઓના કર્મચારીઓને પણ મેટ્રો રેલ સેવાનો લાભ મળી રહેશે.



મેટ્રો રેલ સેવાનો ટ્રાયલ કર્યા બાદ કમિશ્નર ઓફ મેટ્રો રેલ સેફ્ટી આગામી સમયમાં નિરીક્ષણ માટે આવશે. કમિશ્નર ઓફ મેટ્રો રેલ સેફ્ટી દ્વારા તમામ પ્રકારના કમ્પાઇન્સીસની ચકાસણી કર્યા બાદ મેટ્રો રેલની સેફ્ટીના નિયત કરેલા તમામ પાસાઓનો અભ્યાસ કરીને તેનું પ્રેક્ટિકલ ચકાસણી કર્યા બાદ આગામી ત્રણેક માસ પછી એટલે કે મે કે જૂન-2025 માસમાં સેક્ટર-1થી સચિવાલય સુધી મેટ્રો રેલ સેવાનો પ્રારંભ કરવામાં આવે તેવી શક્યતા હોવાનું મેટ્રો રેલના માહિતગાર સૂત્રોએ જણાવ્યું છે.



સંદેશ

# ૧ મેથી અમદાવાદથી સચિવાલય સુધી મેટ્રો દોડશે



અમદાવાદ મેટ્રો ટ્રેન હાલ ગાંધીનગરમાં સેક્ટર-૧ સુધી દોડે છે. છેલ્લા દસ દિવસથી સેક્ટર-૧ થી સચિવાલય સુધી મેટ્રો ટ્રેનની ટ્રાયલ ચાલી રહી છે. કમિશનર ઓફ મેટ્રો રેલ સેફટી આગામી દિવસોમાં નિરિક્ષણ કરીને તે રૂટ પર મેટ્રો દોડાવવાની મંજૂરી આપશે. સંભવતઃ ગુજરાત સ્થાપના દિવસ તા.૧ મેના રોજ સચિવાલય સુધી મેટ્રો ટ્રેન દોડતી કરીને રાજધાની ગાંધીનગરને સ્થાપના દિવસની ભેટ આપવાનું આયોજન છે. હાલ વાસણા એપીએમસીથી સેક્ટર-૧ અને ગિફ્ટ સિટી માટે સીધી મેટ્રો દોડે છે. તે હવે સચિવાલય સુધી દોડવા લાગશે.

# સંદેશ

### નવા રૂટ પર મેટ્રોરેલની ટ્રાયલ રન કરાઈ

# સે-૧ થી મહાત્મા મંદિર સુધીના મેટ્રોરેલનું મોટાભાગનું કામ પૂર્ણ


## ટૂંક સમયમાં જ મેટ્રોરેલ મહાત્મા મંદિર સુધી દોડશે



। ગાંધીનગર ।

મેટ્રોટ્રેનના સેકન્ડ ફેઝના બાકી રહેલા સેક્ટર-૧ થી મહાત્મા મંદિર સુધીના કોરીડોરની મોટાભાગની કામગીરી પુર્ણ થઈ છે. જેના પગલે આજે મેટ્રોરેલની નવા આકાર પામેલા રૂટ પર ટ્રાયલ રન કરાઈ હતી. જેના પગલે ટુંક સમયમાં જ મેટ્રોરેલ સેક્ટર-૧ થી મહાત્મા મંદિર સુધી દોડશે.

ઉલ્લેખનીય છેકે, ગાંધીનગરમાં મેટ્રોરેલનો પ્રારંભ થઈ ચુક્યો છે. જોકે, સેક્ટર-૧ થી મહાત્મા મંદિર સુધીના કોરીડોરનું કામ બાકી હોય ટ્રેન માત્ર સેક્ટર- ૧થી મોટેરા અને ત્યાંથી અમદાવાદ વચ્ચે જ દોડતી હતી. બાકી રહેલું કામ યુધ્ધના ધોરણે શરૂ કરવામાં આવ્યુ હતું. સેક્ટર- ૧ સ્ટેશનથી મહાત્મા મંદિર વચ્ચે સાત સ્ટેશનો આવે છે. જેમાં સેક્ટર-૧૦-એ, સચિવાલય, પથિકાશ્રમ, જુના સચિવાલય, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪ મહાત્મા મંદિર સ્ટેશનનો સમાવેશ થાય છે. આ સાડા સાત કિલોમીટરના રૂટનું મોટાભાગનું કામ પુર્ણ થયુ છે. જેના પગલે આજે ઉપરોક્ત નવા ટ્રેક પર મેટ્રોરેલની ટ્રાયલત રન કરવામાં આવી હતી.



LET TRUTH PREVAIL

THE TIMES OF INDIA

# TESTING THE TRACKS

TOI



The trial run of the metro rail between Sector 1, Sector 10A and the Sachivalaya began on Wednesday. The test runs will continue for a month before officials conducts an inspection and grant final approval

The Indian EXPRESS

FOR AN EASY COMMUTE

# Metro connectivity for Sachivalay employees soon

EXPRESS NEWS SERVICE
AHMEDABAD, MARCH 19


THE GUJARAT Metro Rail Corporation (GMRC) had on March 10 begun trials on the Phase-II stretch of the project between Sector-1 and Sachivalay in Gandhinagar and officials say that once these trials are completed, permission will be sought from the Commissioner of Metro Rail Safety to certify and operationalise the stretch of the metro line.

This would offer Sanchivalay employees, most of whom commute to Gandhinagar from Ahmedabad, an easier travel option between the two cities.

**Trials on Phase-II stretch between Sector-1 and Sachivalay in Gandhinagar began on March 10. After this, nod will be sought to make the stretch operational**

*The Indian Express* has also learnt that the last stretch of the work, between Sachivalay and Mahatma Mandir, is likely to be completed by December 2025.

Trials are likely to begin in December and the last stretch of the metro is likely to become fully operational in the beginning of 2026.



# राजस्थान पत्रिका

## मेट्रो ट्रेन का गांधीनगर सचिवालय तक ट्रायल रन



गांधीनगर सचिवालय तक ट्रायल रन करती मेट्रो ट्रेन।


पत्रिका न्यूज नेटवर्क
patrika.com

**गांधीनगर.** अहमदाबाद से गांधीनगर स्थित सचिवालय तक यात्रा करने वालों को जल्द ही मेट्रो कनेक्टिविटी मिलेगी। गुजरात मेट्रो रेल कॉर्पोरेशन (जीएमआरसी) ने बुधवार को सचिवालय स्टेशन तक मेट्रो का ट्रायल रन प्रारंभ कर दिया है। अहमदाबाद मेट्रो रेल के फेज-2 के तहत अहमदाबाद से गांधीनगर को जोड़ने वाली दो लाइनों का निर्माण किया गया है। जहां एक लाइन मोटेरा स्टेडियम से महात्मा मंदिर तक है और दूसरी लाइन जीएनएलयू से गिफ्ट सिटी तक है।

### अगले तीन महीनों में सात और स्टेशन चालू होंगे, यात्रियों होगी सुविधा

ट्रायल रन पूरा होने के बाद अगले तीन महीनों में यलो लाइन के सात और स्टेशन चालू होने की उम्मीद है। इनमें कोटेश्वर रोड, विश्वकर्मा कॉलेज, तपोवन सर्कल, नर्मदा कैनाल, कोबा सर्कल, सेक्टर 10-ए और सचिवालय है। इन स्टेशनों के प्रारंभ होने से यात्रा की सुविधा और मेट्रो की फ्रीक्वेंसी में सुधार होगा, जिससे यात्रियों को बेहतर परिवहन सुविधा मिलेगी।

मोटेरा से महात्मा मंदिर कॉरिडोर, जिसे यलो लाइन कहा जाता है, में 21 स्टेशन हैं। फिलहाल मोटेरा स्टेडियम से सेक्टर-1 स्टेशन तक सात स्टेशन चालू हैं। अभी तक सरकारी कर्मचारी और आम नागरिकों को सचिवालय पहुंचने के लिए सेक्टर-1 स्टेशन पर उतरकर अन्य परिवहन साधनों का उपयोग करना पड़ता था, लेकिन अब मेट्रो सीधे सचिवालय तक जाएगी, जिससे यह असुविधा खत्म हो जाएगी।



વેસ્ટર્ન ટાઇમ્સ



ગાધીનગરના સચિવાલય સુધી મેટ્રો ટ્રેનનો ટ્રાયલ રન યોજાયો હતો.

લોકસત્તા જનસત્તા

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા પાટનગર ગાંધીનગર સચિવાલય સુધી મેટ્રો રેલ સેવા શરૂ કરવા માટે

# ચ-૨ થી સચિવાલય સુધીના રૂટ પર મેટ્રોની ટ્રાયલ શરૂ


## સચિવાલય(પોલીસભવન) સુધી જૂન મહિના સુધીમાં મેટ્રો રેલ સેવા શરૂ થાય તેવી સંભાવના

ગાંધીનગર તા.૧૯

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા સચિવાલય સુધી મેટ્રો રેલ સેવા શરૂ થાય તે માટેની ગતિવિધિ હાથ ધરી છે. જેના અંતર્ગત છેલ્લા એક સપ્તાહથી ગાંધીનગરના સેક્ટર-૧ (ચ-૨) થી સચિવાલય (પોલીસ ભવન) સુધીના રુટ પર મેટ્રો રેલની ટ્રાયલ શરૂ કરી દેવાઈ છે અને સંભવત: આગામી જૂન મહિના સુધીમાં સચિવાલય સુધી મેટ્રો રેલ સેવા શરૂ કરી દેવા માટેની હિલચાલ ચાલી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્ર પ્રકલ્પ એવા અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ સેવા પ્રકલ્પને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા ઝડપથી પૂર્ણ કરવા માટેના પ્રયાસો ચાલી રહ્યા છે. જેના અંતર્ગત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગરના પ્રવેશ દ્વાર એવા સેક્ટર-૧ (ચ-૨ સર્કલ) સુધી મેટ્રો રેલ સેવાને દોડતી કરી દેવામાં આવી છે. ત્યારે હવે આગામી વર્ષ સુધીમાં આ મેટ્રો રેલ સેવાને મહાત્મા મંદિર સુધી પહોંચાડવા માટેના પ્રયાસો પુરજોશમાં ચાલી રહ્યા છે.

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) દ્વારા સેક્ટર-૧ (ચ-૨ સર્કલ) થી સચિવાલય (પોલીસ ભવન) સુધીના અંદાજિત સવા બે કિલોમીટરના મેટ્રો ટ્રેક પર ઈલેક્ટ્રિફિકેશન સહિતની મોટા ભાગની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. ત્યારે જીએમઆરસી દ્વારા સેક્ટર-૧ (ચ-૨ સર્કલ)થી સચિવાલય (પોલીસ ભવન) સુધીના સવા બે કિમી સુધીના મેટ્રો ટ્રેક પર મેટ્રો રેલની ટ્રાયલ રન શરૂ કરી દેવામાં આવી છે. આ ટ્રાયલ રન છેલ્લા એક સપ્તાહથી ચાલી રહી છે. ત્યારે જીએમઆરસી દ્વારા આ સવા બે કિમી રુટ પર આવતા સેક્ટર-૧૦એ (ચ-૩ સર્કલ) અને ત્યાંથી સચિવાલય (પોલીસ ભવન) સુધીના સવા બે કિમી કરતાં વધુ અંતરના રુટ પર મેટ્રો રેલની વાણિજ્યિક સેવા (કોમર્શિયલ સર્વિસ) શરૂ



કરવા માટે મેટ્રો રેલ તંત્રને નિરીક્ષણ માટે આમંત્રણ અપાયું છે. તંત્ર દ્વારા આ રુટનું નિરીક્ષણ કરાયા બાદ અપાયેલી જરૂરી સૂચનો અને અવલોકનો અંગે કાર્યવાહી કરવામાં આવશે. આ કાર્યવાહી બાદ મેટ્રો રેલ દ્વારા મંજૂરી મળી ગયા બાદ સચિવાલય સુધી મેટ્રો રેલ સેવાને લંબાવવામાં આવશે.

આ અંગે મેટ્રો રેલના સૂત્રોએ જણાવ્યું હતું કે, સેક્ટર-૧ (ચ-૨ સર્કલ) થી સચિવાલય (પોલીસ ભવન) સુધીના રુટ પર ઈલેક્ટ્રિફિકેશન સહિતની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. જ્યારે આ રુટ પરના સ્ટેશન સેક્ટર-૧૦એ (ચ-૩) અને સચિવાલય (પોલીસ ભવન) સ્ટેશન પર સ્ટેશનને લગતી કામગીરી હાલમાં પૂરજોશમાં ચાલી રહી છે. જે એકાદ મહિનામાં પૂર્ણ થઈ જશે. ત્યાં સુધીમાં મેટ્રો રેલ તંત્ર દ્વારા આ રુટનું નિરીક્ષણ કરીને વાણિજ્યિક સેવા (કોમર્શિયલ સર્વિસિસ) શરૂ કરવા માટેની મંજૂરી મળી જાય તેવી સંભાવના છે. જેથી આગામી જૂન મહિના સુધીમાં મેટ્રો રેલ સેવા સચિવાલય (પોલીસ ભવન) સુધી દોડતી થઈ જાય તેવી સંભાવના છે.



गुजरात वैभव

## सचिवालय के लिए जल्द ही मेट्रो सेवा शुरू होगी , ट्रायल शुरू



